# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-11-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) રાજ્ય સરકાર નવ નવેમ્બરથી મગફળી , અડદ, મગ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી શરૂ કરશે

2) નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આવતીકાલે 30 IPS અધિકારીઓ સાથે કચ્છના સરહદી ગામડાઓની મુલાકાત લેશે.

3) રાજ્ય સહિત સમગ્ર દેશમાં આજે દેવદિવાળીની ધામધૂમથી ઉજવણી

4) ભક્તિભાવભર્યાં માહોલમાં સુપ્રસિદ્ધ શામળાજીના મેળાનું આજે સમાપન.

5) રાજ્યના લોકોને કમોસમી વરસાદથી રાહત - આગામી દિવસોમાં વાતાવરણ સૂકું રહેશે

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# TEKA NA BHAV

રાજ્ય સરકાર નવ નવેમ્બરથી મગફળી , અડદ, મગ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી શરૂ કરશે. વેચાણ માટે ખેડૂતોને મેસેજ મોકલવામાં આવશે જેના આધારે ખેડૂતોએ વેચાણ કેન્દ્ર પર જવાનું રહેશે. આ અંગે વધુ માહિતી આપતા કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું , ખેડૂત દીઠ 125 મણ મગફળીની ખરીદી ટેકાના ભાવે કરાશે.

(બાઇટ : જીતુ વાઘાણી – કૃષિ મંત્રી)

. . . .

# DY CM KUTCH VISIT

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત ૩૦ વરિષ્ઠ IPS અધિકારીઓની ટીમ આવતીકાલે કચ્છ જિલ્લાના ભારત-પાકિસ્તાન સરહદનાં ગામડાઓની મુલાકાત લેશે. દરમિયાન સીમાવર્તી ગામોના સરપંચો અને ગ્રામજનો સાથે મુલાકાત , રાત્રી ખાટલા સભા અને સંવાદ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : મયુર સોલંકી)

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આવતીકાલે સવારે ભુજ સર્કિટ હાઉસ પહોંચશે , જ્યાંથી તેમના આ પ્રવાસ કાર્યક્રમનો વિધિવત પ્રારંભ કરશે. લખપત તાલુકાના વિવિધ ગામડાઓમાં જઈ નાયબ મુખ્યમંત્રી સર્વગ્રાહી સમીક્ષા કરી ગ્રામજનો સાથે સંવાદ-ખાટલા સભા યોજશે. દરમિયાન , ગામડાઓમાં આરોગ્ય , શિક્ષણ, માળખાગત સુવિધાઓ, સ્વચ્છતા, સલામતી અને સુરક્ષા સહિતના વિવિધ મુદ્દાઓ પર સમીક્ષા કરાશે. આ મુલાકાત દરમિયાન શ્રી સંઘવી BSF ની અધિકારીઓ સાથે બેઠક કરશે સાથે જ BSF જવાનો સાથે પણ સંવાદ કરશે.

મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ

. . . . . .

# CM GURUDWARA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગુરુ નાનકજીની 556મી જયંતિ નિમિત્તે ગાંધીનગરના પોરમાં ગુરૂ ગ્રંથ સાહિબના દર્શન કર્યા. તેમણે રાજ્યના નાગરિકોની સુખ-સમૃદ્ધિ, શાંતિ અને વિકાસ માટે અરદાસ લગાવી. આ પ્રસંગે ગુરૂદ્વારાના મુખ્ય સેવક ગુરૂપ્રીતસિંહ ધિલ્લોન તથા પરમજીતકૌર છાબડાએ મુખ્યમંત્રીનું ખેસ તથા સુવર્ણ મંદિરની પ્રતિકૃતિ અર્પણ કરીને સ્વાગત કર્યું હતું. દરમિયાન મુખ્યમંત્રીએ ગુરુદ્વારા ખાતે લંગરમાં પ્રસાદ વિતરણની સેવા પણ કરી હતી.

. . . . . . .

# GURUNANAK JAYANTI

સમગ્ર દેશમાં ગુરુનાનક જયંતિની ઉજવણી થઈ રહી છે ત્યારે રાજ્યના ભરૂચ જિલ્લામાં ગુરુદ્વારા ખાતે શીખ સમુદાય દ્વારા ગુરુ નાનક દેવની જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શ્રદ્ધાળુઓએ ગુરુ નાનક દેવના દર્શન કરી ગુરુવાણીના પાઠ દ્વારા આધ્યાત્મિક આનંદનો અનુભવ કર્યો હતો.આ પ્રસંગે ગુરુબાનીના પાઠ , પ્રાર્થના, લંગર તથા વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે રક્તદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

. . . . . .

# DEV DIWALI

સમગ્ર દેશમાં આજે દેવતાઓની દિવાળી એટલે કે દેવદિવાળીની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે. દિવાળીના પંદર દિવસ બાદ કારતક પૂનમની રાત્રે દેવદિવાળી ઉજવાય છે. માન્યતા મુજબ , આજના દિવસે દેવતા પવિત્ર ગંગા નદીમાં સ્નાન માટે પૃથ્વી પર આવે છે. બીજી તરફ

આજે કાર્તિકી પૂનમ નિમિત્તે રાજ્યના સુપ્રસિદ્ધ મંદિરોમાં ભક્તોનું ઘોડાપૂર ઊમટ્યું. દેવભૂમિદ્વારકાના પ્રસિદ્ધ યાત્રાધામમાં કાર્તિક પૂર્ણિમા અને દેવદિવાળી નિમિત્તે ભક્તોની ભીડ ઉમટી છે. જ્યારે શક્તિપીઠ અંબાજી મંદિરમાં દેવદિવાળી પર્વ પર મોટી સંખ્યામાં માઈ ભક્તો ઉમટી પડ્યા હતા. આ અંગે વહીવટદાર કૌશિક મોદીએ વધુ માહિતી આપી.

(બાઇટ : કૌશિક મોદી, વહીવટદાર)

. . . . . .

# SHAMLAJI

સુપ્રસિદ્ધ શામળાજીના મેળાનું આજે સમાપન થયું. કાર્તિકી પૂનમના ભવ્ય લોકમેળામાં રાજસ્થાન , મધ્યપ્રદેશ સહિતના રાજ્યમાંથી લાખો ભક્તો કાળિયા ઠાકરના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : અંકિત ચૌહાણ)

. . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

..........................

# SUPERMOON

આજે રાત્રે વર્ષ 2025નો સૌથી તેજસ્વી અને સૌથી મોટો ચંદ્ર એટલે કે સુપરમૂનનો અવકાશી નજારો જોવા મળશે. ઑક્ટોબર 2025 થી જાન્યુઆરી 2026 સુધીના ચાર સુપરમૂનની શ્રેણીનો આ બીજો સુપરમૂન છે. આ અસાધારણ પૂર્ણ ચંદ્ર સામાન્ય કરતાં લગભગ 14 ટકા મોટો અને 30 ટકા વધુ તેજસ્વી દેખાશે , કારણ કે તે પૃથ્વીના સૌથી નજીકના બિંદુ - સુધી પહોંચશે.

આ કોસ્મિક ઘટનાની ઉજવણી કરવા GUJCOSTના દરેક જિલ્લામાં તેના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રો અને સમુદાય વિજ્ઞાન કેન્દ્રો દ્વારા , 6 નવેમ્બરની સાંજ સુધી ખાસ સુપરમૂન વોચ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

. . . . . . . . . . . . .

# BSF - BHUJ

ભુજ ખાતે બીએસએફના ડીરેક્ટર જનરલ દલજીત ચૌધરીએ ઓપરેશન સિંદૂર દરમિયાન કચ્છ જિલ્લા વહીવટીતંત્રની શ્રેષ્ઠ કામગીરી અને સંકલનને અભૂતપૂર્વ ગણાવ્યું હતું.

તેઓ આગામી દિવસોમાં બીએસએફના સ્થાપના દિવસની કાર્યક્રમની તૈયારીઓની સમીક્ષા માટે ભુજની મુલાકાત માટે આવેલા છે. તેમણે ઓપરેશન સિંદૂર દરમિયાન કચ્છ જિલ્લા વહીવટીતંત્રનો બીએસએફ તેમજ અન્ય લશ્કરી દળોને સહયોગ , સમયસૂચકતા મુજબ બ્લેકઆઉટ માટે મદદ , મોકડ્રીલથી જનજાગૃતિ, લોજિસ્ટિક તેમજ અન્ય જરૂરી સહયોગને પ્રસંશનીય ગણાવ્યો હતો. બીએસએફ ડીજી દલજીત ચૌધરીએ કચ્છ કલેક્ટર આનંદ પટેલ અને પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક વિકાસ સુંડાને પ્રશસ્તિપત્ર એનાયત કર્યા હતા.

. . . . . .

# TRAIN CANCEL

કમોસમી વરસાદ અને માવઠાને કારણે જૂનાગઢમાં યોજાનાર ગિરનાર લીલી પરિક્રમા મેળા પર સ્થાનિક પ્રશાસન દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે , જેના કારણે પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર મંડળની વેરાવળ-ગાંધીગ્રામ વચ્ચે દોડતી વેરાવળ-ગાંધીગ્રામ સ્પેશિયલ ટ્રેન રદ કરવામાં આવી છે.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે આ સ્પેશિયલ ટ્રેનની સેવા 11 નવેમ્બર, 2025 સુધી ઉપલબ્ધ રહેવાની હતી, પરંતુ હવે આ સેવા આજથી 5 નવેમ્બર, 2025થી તાત્કાલિક અસરથી રદ કરવામાં આવી છે.

. . . . . . . .

# WEATHER

રાજ્યના લોકોને કમોસમી વરસાદથી રાહત મળી છે. આગામી દિવસોમાં વાતાવરણ સૂકું રહેશે. જ્યારે આજે એક પણ તાલુકામાં વરસાદના અહેવાલ નથી. હવામાન વિભાગ અનુસાર આગામી દિવસોમાં પણ રાજ્યમાં વરસાદની આગાહી નથી. જોકે આગામી 6 દિવસમાં લઘુત્તમ તાપમાનમાં 2થી3 ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે.

. . . . . . . . . . . . .

# BHAVNAGAR – DRAWING COMPETITION

ભાવનગરના શિશુવિહાર બાળ પુસ્તકાલયના ઉપક્રમે સતત 10 મા વર્ષે ચિત્ર સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું છે. આ ચિત્ર સ્પર્ધા 16 નવેમ્બર ને રવિવારે સવારે 9:00 થી 12 વાગ્યા દરમ્યાન યોજાશે. ધોરણ 5 થી 12 ના વિદ્યાર્થી ભાઈઓ બહેનો માટેની સ્પર્ધાનો વિષય "શ્રમનું ગૌરવ " રાખવામા આવ્યો છે. કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને ડ્રોઈંગ પેપર , અને પ્રમાણપત્ર આપવામાં આવશે. જ્યારે પસંદગી પામેલ ચિત્ર માટેના વર્કશોપમાં વિદ્યાર્થીઓને તમામ સાધનો ઉપરાંત વિશેષ પુરસ્કાર એનાયત થશે

. . . . . . . . . . . . .

# FOOD FOR THOUGHT FEST

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સાઉથ એશિયન એસોસિયેશન ફોર ગેસ્ટ્રોનોમીના સહયોગથી સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે 13 થી 16 નવેમ્બર 2025 દરમિયાન આંતરરાષ્ટ્રીય ફૂડ ફેસ્ટિવલ 'ફૂડ ફોર થોટ ફેસ્ટ 'નું આયોજન કરવામાં આવ્યું છે . આ ફેસ્ટિવલમાં ભારત ઉપરાંત નેપાળ , સ્પેન, નેધરલેન્ડ જેવા દેશોની ભાગીદારી રહેશે.

આ આંતરરાષ્ટ્રીય ફૂડ ફેસ્ટિવલમાં રાંધણકળા અંગેની ચર્ચા , વાનગીઓ, વિચારોની આપ-લે માસ્ટર શેફ સાથે નવી વાનગીઓની શોધ અને મનોરંજનની મજા માણવા મળશે.

'અ ટેસ્ટ ઓફ લક્ઝરી' અને 'ધ રિજનલ ફ્લેવર' એમ બે પ્રકારની થીમ પર ફૂડ કોર્ટ તૈયાર કરવામાં આવ્યા છે . જેમા લક્ઝરી હોટેલ્સ દ્વારા પોતાની શ્રેષ્ઠ વાનગીઓ પીરસવામાં આવશે , જ્યારે ધ રિજનલ ફ્લેવરમાં વિવિધ રિજનલ ફ્લેવરર્સ ફૂડને સ્ટ્રીટ ફૂડ શૈલીમાં રજૂ કરવામાં આવશે.

આ આંતરરાષ્ટ્રીય ફૂડ ફેસ્ટિવલમાં જાણિતા ફૂડ ક્રિટિક અને લેખિકા રશ્મિ ઉદય શીંધ, સુપ્રસિદ્ધ શેફ અભિજિત સાહા અને ગૌતમ મહર્ષિ , નેપાળની લેખિકા રોહિણી રાણા, પદ્મશ્રી ડૉ.પુષ્પેશ પંત ઉપસ્થિત રહેશે..

. . . . .

# DIU ELECTION

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના વણાકબારા તથા દગાચી વિસ્તારમાં આજે જિલ્લા પંચાયતની 3 બેઠકો માટે 58 ટકા મતદાન થયું. કુલ 14 મતદાન મથકો પર શાંતિપૂર્ણ માહોલમાં મતદાન સંપન્ન થયું. મતદાન મથક પર મતદારો માટે દરેક સુવિધાઓ દીવ પ્રશાસન દ્વારા ઉપલબ્ધ કરાવવામા આવી.

. . . . . . . . .